**જનસંપર્ક અધીકારી દ્વારા**

**પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર**

**ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩**

**કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦**

તા.૨૯/૦૫/૨૦૧૮ મંગળવાર

**અમદાવાદ શહેર પોલીસ સમાચાર**

**અમદાવાદ શહેર પોલીસ તરફથી કરવામાં**
**આવેલ પ્રશંસનીય/નોંધપાત્ર કામગીરી :-** **સમાચાર યાદી નં.૧૦૧૩/૧૮**

# -× નારોલ પોલીસ સ્ટેશન ×-

## અપહરણકર્તા / ગુમ શુધા થયેલ બાળકને શોધી કાઢી તેમના માતા-પિતાને હેમખેમ સુપરત કરતી નારોલ પોલીસ

સાહેબ મે. પોલીસ કમિશ્નરશ્રી અમદાવાદ શહેર તેમજ અધિક પોલીસ કમિ.શ્રી સેકટર-૦૨ સા.તેમજ ના.પો.કમિ.શ્રી.ઝોન-૦૬ સાહેબ તેમજ અધિક ના.પો.કમિ.શ્રી "કે" ડીવીઝન અમદાવાદ શહેર ના શ્રી ચિંતન તેરૈયા સા. નાઓની સુચના અને માર્ગદર્શન હેઠળ નારોલ પોલીસ સ્ટેશન ફર્સ્ટ ગુ.ર.નં-૧૧૩/૧૮ ઇ.પી.કો.કલમ-૩૬૩ મુજબના કામના ફરીયાદી શ્રી ગોપાલસિંગ ઇન્દ્રસિંગ જાતે શેખાવત ઉ.વ.૪૨ ધંધો ડ્રાઇવીંગ રહે મ.ન.૩૮ મુર્દુલપાર્ક હરીદર્શનની બાજુમાં મોનીહોટલના ખાંચામાં નારોલ અ.વાદ શહેર મુળવતન ગામ-પોખ તા-ઉદયપુરવાટી.પોસ્ટ પોખ,થાના-બુદ્ધાગોડજી જી-ઝુનઝુનુ રાજસ્થાનના કામે ફરીશ્રીનો દીકરો નામે જગદીપસિંગ ઉ.વ.૧૬ વર્ષ ૧૦ માસ ના આશરાનો નાઓને ગઇ તા-૨૩/૦૫/૨૦૧૮ ના સાંજ કલાક ૧૮/૦૦ વાગ્યાના ના સુમારે કોઇ અજાણ્યા ઇસમ તેઓના કાયદેસરના વાલીપણામાંથી અપહરણ કરી લઇ ગયેલાની હકીકત ફરીયાદીએ જાહેર કરેલ જે બાબતે ઉપરોક્ત નંબરથી ગુનો રજી. થયેલ.ગુમ થનાર બાળકની તપાસ દરમ્યાન આજરોજ તા-૨૯/૦૫/૨૦૧૮ ના રોજ ભોગ બનનારની કોલ ડિટેલ આધારે શોધખોળ કરી શોધી કાઢી નિવેદન લેતા ધો-૧૨ સાયન્સ પરીક્ષા આપેલી તેનુ રીઝલ્ટ તા.૨૩/૦૫/૧૮ ના રોજ આવેલુ તેમા તે ૬૩% પાસ થયેલો.તેમા તેની ધારણા મુજબ ટકાવારી ઓછી આવેલ જેથી તેને મનમા લાગી આવતા ઘરમા કોઇને કહ્યા વગર ફરવા જતો રહેલાનુ જણાવતા તેની સાથે કોઇએ કોઇ ખરાબ કૃત્ય કરેલ ન હોય. તેમના પિતાને હેમખેમ સુપરત કરેલ

## અમદાવાદ શહેરના ડોક્ટરને અમેરીકામાં એક કરોડના જોબ પેકેજની લાલચ આપી તેઓની સાથે ફ્રોડ કરનાર કોલ સેન્ટરના સંચાલક આરોપીને દિલ્હી ખાતેથી પકડી પાડતી સાયબર ક્રાઇમ સેલ, ક્રાઈમ બ્રાન્ચ અમદાવાદ શહેર.

ડૉ. જયરાજ મનુભાઇ દેસાઇ રહેવાસી: જી/૪૦૧, શ્યામવીલા-૩, કાવેરી બંગલોની સામે નરોડા-નિકોલ રોડ, નરોડા, અમદાવાદ શહેર નાઓને એક અજાણ્યા મોબાઇલ નંબર પરથી ફોન આવેલ અને જણાવેલ કે, હુ JOBSSEEKERS.IN માંથી બોલુ છુ અને તમને અમેરીકામાં મિયામી ફ્લોરીડા ખાતે આવેલ જોન્સન એન્ડ જોન્સન ના નામની વિશ્વ વિખ્યાત કંપનીમાં વાર્ષિક એક કરોડના પેકેજ વાળી નોકરી અપાવીશુ તેમ જણાવેલ અને તે માટે તેમની કંપની JOBSSEEKERS.IN ની વેબસાઇટ પર જઇને ઓનલાઇન રૂ. ૬,૯૦૦/- ભરી રજીસ્ટ્રેશન કરાવવુ પડશે. જેથી આ ફરીયાદી શ્રીએ પોતાના SBI ના ક્રેડીટ કાર્ડ મારફતે ઓનલાઇન રૂ. ૬૯૦૦/- ભરીને રજીસ્ટ્રેશન કરાવેલ. તે બાદ આરોપીઓએ પોતાના ઇમેલ આઇ.ડી. ઇમેલ આઇડી refund@jobsseekers.in તથા lammine_mane@yahoo.com તથા career@jobsseekers.in પરથી મેલ કરી ફરીયાદીને જોબ અપાવવા બાબતે અવનવા બહાના બતાવી તેઓની પાસેથી અલગ અલગ ચાર્જ પેટે ટુકડે ટુકડે કુલ - ૫,૫૭,૭૫૦/- આરોપીએ પોતાના બેંક એકાઉન્ટમાં ટ્રાન્સફર કરાવી લીધેલ. આ કામના ફરીયાદીને પોતાની સાથે ફ્રોડ થઇ રહેલ હોવાની શંકા જતાં તેઓએ અત્રે અમદાવાદ શહેર સાયબર ક્રાઇમ સેલનો સંપર્ક સાધી પોતાની સાથે બનેલ બનાવ બાબતે લેખિતમાં ફરીયાદ આપતાં ફર્સ્ટ ગુ.ર.નં. ૨૯/૨૦૧૮ ઇપીકો કલમ ૪૦૬, ૪૨૦, ૧૨૦(બી) તથા આઇ.ટી.એક્ટ કલમ ૬૬(સી, ડી) મુજબ ગુનો રજીસ્ટર્ડ કરેલ.

સંયુક્ત પોલીસ કમિશન શ્રી જે.કે.ભટ્ટ ક્રાઇમ બ્રાન્ચ તથા નાયબ પોલીસ કમિશનર શ્રી દીપન ભદ્રન ક્રાઈમ બ્રાન્ચ, અધિક નાયબ પોલીસ કમિશ્નર શ્રી ડૉ.રાજદિપસિંહ ઝાલા ક્રાઇમ બ્રાન્ચ અમદાવાદ શહેરનાઓએ ઉપરોક્ત બનાવને ગંભીરતાથી લઇ આવા પ્રકારના જોબ ફ્રોડ આખા ભારતદેશમાં બનતા હોય તેને ત્વરીત શોધી કાઢી આરોપી પકડી પાડવા સાયબર સેલના પોલીસ ઈન્સ્પેક્ટર શ્રી વી.બી.બારડ નાઓને હુકમ કરતાં પો.ઇ.શ્રી વી.બી.બારડ નાઓએ ફરીયાદીની ફરીયાદ નો અભ્યાસ કરતાં ઉપરોક્ત ત્રણેય ઇમેલ આઇ.ડી. તેમજ Jobsseeker.in નામ વાળુ ડોમેઇન તેમજ મોબાઇલ નંબરનુ ટેકનીકલી એનાલીસિસ કરતાં તપાસના અંતે આ તમામ કાવતરૂ દિલ્હી થી રચાયેલ હોય અને આરોપીઓ રૂદ્રાક્ષ વર્લ્ડ વાઇડ પ્રાઇવેટ લીમીટેડ ના નામથી કંપની બનાવી આવા નોકરી વાંચ્છુઓને મોટા પેકેજે વાળી નોકરી અપાવવાની લાલચ આપી તેઓ સાથે ફ્રોડ કરી લેતા હોવાનુ અને તમામ આરોપીઓના દિલ્હી ખાતેના લોકેશનો આવતાં હોય આ બાબતે ત્વરીત તપાસ કરવા સારૂ જરૂરી પોલીસ સ્ટાફ તેમજ પો.ઇ.શ્રી વી.બી.બારડ તથા પો.સ.ઇ.શ્રી આર.કે.સોલંકી તેમજ પો.સ.ઇ.શ્રી મેહુલ મકવાણા નાઓએ જરૂરી ટેકનીકલ મદદ સાથે દિલ્હી ખાતે જઇ તપાસ કરતાં

તા.૨૮.૦૫.૨૦૧૮ ના રોજ આરોપી શુભમ S/O દિવાકર ઘોષ રહે. પાલમ દિલ્હી વાળાને અટક કરેલ અને આરોપીના દિન – 3 ના પોલીસ રીમાન્ડ મેળવેલ છે. હાલમાં આ ગુનાની તપાસ તજવીજ ચાલુ છે.

આરોપીની પુછપરછ કરતાં રૂદ્રાક્ષ વર્લ્ડ વાઇડ પ્રાઇવેટ લીમીટેડ ઓનલાઇન બતાવેલ સરનામે ભાડાથી રાખેલી જગ્યામાં ચલાવતો હતો અને આરોપી લોકો સાથે છેતરપીંડી ઠગાઇ કરી મેળવેલ નાણા પોતે HDFC, ICICI તથા કોર્પોરેશન બેંક એમ અલગ અલગ બેંકમાં પોતાના અલગ અલગ ખાતાઓમાં ભરાવતો હતો આરોપી આ કંપની પોતાના તથા પોતાની માતા છાયા ઘોષના નામે રજીસ્ટર્ડ કરાવેલ છે.

પકડાયેલ આરોપી સાથે તેની કંપનીમાં અન્ય કેટલા માણસો કામ કરતા હતા અને આ ગુનામાં અન્ય કોણ કોણ વ્યક્તિઓ સંડોવાયેલ છે તેમજ આરોપીએ પોતાની કંપની દ્વારા અન્ય કેટલા લોકો સાથે છેતરપીંડી કરેલ છે તે બાબતે હાલે તપાસ ચાલુ છે. અને આ ગુનાની તપાસ પો.ઇ.શ્રી વી.બી.બારડ કરી રહ્યા છે.

આરોપીએ દિલ્હીમાં ધોરણ – ૧૨ સુધીનો અભ્યાસ કરેલ છે અને અગાઉ policybazar.com તેમજ timesjobs.com માં તથા સરકો ઇન્ટરનેશનલ કંપનીમાં સિનીયર એજન્ટ તરીકે કામ કરતો હતો. આરોપી અગાઉ ઉપરોક્ત મુજબના જોબ ફ્રોડના ગુનામાં ગુરૂગ્રામ (ગુડગાંવ) સાયબર સેલમાં સાયબર ક્રાઇમ ગુનામાં પકડાયેલ છે.

નાયબ પોલીસ કમિશનર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી.